સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

ચરે છે આંખ મીંચી, બેશરમ ઢોર હરાયાં છે,
લે ભીંસે, ભરડે અજગરો, ભારતે ભરાયા છે,
ડરતા નથી, કાયદા, બદનામી કે ઇશ્વરથી -
કમનશીબ પ્રેજા, આવા નેતા માથે મરાયા છે.

હાઈકુ

ટકી 'ફોટા' માં
કૉંગ્રેસની એકતા
જૂથોનું સ્મિત!
(પંદર અકબંધ છે!?)

સત્તા ની ભૂખ
ભાજપની નજર
તૈયાર ભાણે -
(ચૂંટાયેલાની જ ઉઠાંતરી)

ચિંતન

ધનધાન્ય પ્રયોગેષુ વિદ્યા સંગ્રહણેષુ ચ ।
આહારે વ્યવહારે ચ ત્યક્ત લજ્જઃ સુખી ભવેત ॥

સુભાષિત રત્ન ભાંડાગરના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક શરમ-સંકોચ-દબાણ-ડર વિના પોતાને જે વાત સત્ય માફક-વ્યવહારૂ લાગતી હોય તે નીડરપણે-નિખાલસ રીતે શરમ-લાજ છોડીને કહી દેવા બાબત સૂચના આપે છે.

'પૈસા, આર્થિક વ્યવહારની લેવડ-દેવડમાં વિદ્યા સાચવી - ગુપ્ત રાખવામાં કે તેનો સંગ્રહ કરવામાં અને ખાવા-પીવાની બાબતમાં જો પોતાના શરીર-કોઠા-પાચનશક્તિ કે સ્વાદવૃત્તિને જો અનુકૂળ ન હોય તો સ્પષ્ટ થઇ જવામાં - કે કોઇ યજમાનની મહેમાનીમાં ગયા હોઇએ ત્યાં લજ્જા શરમનો ત્યાગ કરી વિનય-વિવેક સાથે સ્પષ્ટ થઇ જવું વધારે સારૂં આવી સ્પષ્ટતા વર્તનાર - સ્પષ્ટવક્તા જ સુખી થાય છે.'

નવી નવી પરિણીતા સાસરે ગઇ હોય, કોઇ ધનાઢ્ય મિત્રને ત્યાં, પ્રથમ વખત જવાનું થયું હોય, પંચતારક હોટલમાં - ક્યારેક જવાનું થયું હોય, સાસરી પક્ષમાં કે કોઇ અધિકારીને ત્યાં જમવા જવાનું થાય ત્યારે ન ભાવતી, પોતાની પ્રવૃત્તિથી સહ્ય ન હોય છતાં અમૂક વાનગી પરાણે - અનિચ્છાએ શરમમાં ખાઇ ન લેતાં 'સ્પષ્ટ' ના પાડતા શીખવું જોઇએ.

એવી રીતે મિત્રો-સગાં-સંબંધીઓ સાથે જો સંબંધ સાચવી રાખવા હોય તો આર્થિક વ્યવહાર-લેતી-દેતીમાં સ્પષ્ટ વક્તા રહેવું જોઇએ. નહીં શરમમાં શારીરિક અને માનસિક યાતના ભોગવી દુઃખી થવું પડે છે.

સુવિચાર

- ચંદ્રની કળાની જેમ નારીનું હૃદય પર સદૈવ પરિવર્તનશીલ હોય છે - પન્ત
- સૌંદર્યવાન મહિલા એક રત્ન સમાન છે, પરંતુ સુશીલ મહિલા તો રત્નોનો ખજાનો છે - શેખ સાદી
- સ્ત્રી સર્વ કાંઇ સહન કરી શકે છે, કઠણમાં કઠણ દુઃખ, મોટામાં મોટું સંકટ પરંતુ પોતાના માન અને ઉમંગોનું અપમાન એને માટે અસહ્ય છે - પ્રેમચંદ
- સ્ત્રી મોટા પ્રહારને માફ કરી શકે છે પરંતુ તુચ્છ ઘા ને ભૂલી નથી શકતી- હૈલી બર્ટન
- પુરૂષને બાહ્ય દૃષ્ટિ હોય છે સ્ત્રીને આંતરદૃષ્ટિ - વિક્ટર હ્યુગો
- નારી પુરૂષની છાયા માત્ર છે તેને પામવાનો પ્રયાસ કરો તો તે દૂર ભાગે છે પણ તેનાથી પલાયન થાવ તો તે તમને અનુસરે છે - બર્નર્ડ
- દ્વિધા યુક્ત સ્ત્રી ક્યારેય કોઇ પુરૂષની પ્રેરણાસ્રોત બની શકતી નથી- એસ. ભટ્ટાચાર્ય

બોધ કથા

સુખ, સંપત્તિ, સત્તામાં જે સાથ આપે સાથે રહે એવા કદાચ સાચા મિત્ર ન પણ હોય, સ્વાર્થ સરે તો સાથ છોડી પણ દે, ખરેખર તો દુઃખ, આપત્તિ, મુશ્કેલીમાં આવી પડખે ઊભો રહે એ સાચો સાથી-મિત્ર કહેવાય.

નાનપણના બે ગોઠિયા મિત્રો હતા. યુવાનવયે એક રાજકારણી થઇ ગયો અને બીજો સત્યનિષ્ઠ હતો પણ નાનો વેપાર ધંધો કરી ગુજરાન ચલાવતો.

રાજકારણી ચૂંટણીમાં જીત્યો - નામના મળી પ્રધાન થયો. હવે તેના પરિચિત મિત્રોનું વર્તુળ વિકસ્યું. ઘણાં તાલી મિત્રો થયા. એકવાર એક સમારંભમાં એ પ્રધાનમિત્રની પત્ની એ વેપારી મિત્રને જોઇ ગઇ. મંચ પરથી ઉતરી એને મળવા ગઇ,ને પૂછ્યું તમે તો એના જૂના મિત્ર છો. છતાં એને મળવા કેમ નથી આવતા?

વેપારી મિત્રએ જવાબ દીધો. હમણાં તો એને મળનારા અનેક છે. એમાં હું એક જ મળું તો પણ ચાલે, પણ જ્યારે એ ચૂંટણી હારસે, સત્તા-પદ જશે ત્યારે અત્યારે ઝૂકી ઝૂકી સલામ ભરનારા ડોકાતા બંધ થશે. મિત્ર દુઃખ, નિરાશાની ગર્તામાં ડૂબી ગયો હશે. ત્યારે ઉષમાનું ઔષધ આપવા અને વહાલનો વરસાદ વરસાવવા હું જરૂર આવીશ.. ભાભીને આ જવાબથી ખૂબ સંતોષ થયો. આંખ ભીની થઇ.

ભાજપ 'ગડકરી' નામનું આફતનું પોટલું ઊંચકીને કેટલું દોડી શકશે?

સમયસર

- કેશુભાઈ દેસાઈ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ઓછા જાણીતા પ્રદેશ કક્ષાના અગ્રણી નીતિન ગડકરીને નાગપુરથી ઊંચકીને ૧૧, અશોક રોડ, નવી દિલ્હી ખાતે ગોઠવી દીધા હશે ત્યારે એના કર્ણધારોએ સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય કે આ ગોટમટોળ કહ્યાગરો કાર્યકર જતે દહાડે ભાજત માટે આફતનું પોટલું સાબિત થશે. તે વખતે મહારાષ્ટ્રના વરિષ્ઠ ભાજપી નેતાઓને સંઘનું આ પગલું ગમ્યું નહોતું. તત્કાલીન રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ગોપીનાથ મુંડેએ એમનો ખુલ્લો વિરોધ નોંધાવ્યો હતો. પરંતુ સંઘની આમન્યા જાળવીને ઘીના ઠામમાં ઘી પડી રહે, એવું સમાધાન સધાતું હતું. ગડકરી વિશે વિપક્ષના નેતાઓએ કરેલું આકલન વધતેઓછે અંશે સાચું ઠર્યું છે. ગડકરી રાજકારણી કરતાં સવિશેષ એક વેપારી છે. રાજકારણમાંથી પણ એમણે પોતાનાં વ્યાપારી હિતો આગળ ધપાવવાના જ કીમિયા શોધ્યા છે. શરદ પવાર સાથે કે અન્ય વિપક્ષી અગ્રણીઓ સાથે એમનાં મીઠા સંબંધો રહ્યા છે અને બહુ સિંચાઇ કાંડમાં એમને પોતાને પણ ફાયદો થયેલો છે, બહુ ગાજેલા તે હવે કોઇથી અજાણ્યું નથી રહ્યું.

ગડકરીની પૂર્તિ કંપનીનું કૌભાંડ બહાર આવતાંની સાથે એ સંઘ અને ભાજપ - બેઉ માટે માથાનો દુઃખાવો બની ગયા હતા. પક્ષ પ્રમુખની બીજી ટર્મ મેળવવા માટેનું એમનું સપનું તો ત્યારે જ રોળાઇ ગયું હતું. વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને ભાજપને આકરામાં આકરી કસોટી વેળાએ મદદરૂપ થનારા કાનૂની આંટીઘૂંટી હલ કરવાની અદ્‌ભૂત કોઠાસૂઝ ધરાવતા વયોવૃદ્ધ નેતા રામ જેઠમલાણીએ ગડકરી વિરૂધ્ધ ખોંખારીને બોલવાનું શરૂ કર્યું અને પાર્ટીનાં હિતમાં એમનું રાજીનામું લઇ લેવાની ભલામણ કરી તે પછી ગડકરી પ્રમાણમાં ઠંડા પડી ગયા હતા. હિમાચલ પ્રદેશની એમની ચૂંટણી સભાઓ રદ કરી દેવાઇ હતી, કારણ કે ગડકરીની સભાઓ યોજવાથી હિમાચલ પ્રદેશમાં ભાજપની રહી સહી આબરૂ જતી રહેશે એવી પાકી દહેશત હતી. ગડકરી એમની સામેના નાણાકીય ગોરરીતિઆંના આક્ષેપોનો અસ્પષ્ટ જવાબ આપતા રહ્યા; એ અંગે કાનૂની કાર્યવાહી કરવાની બડાશ પણ હાંકતા રહ્યાં; બલકે પક્ષના મોવડીમંડળને પણ પોતાની પડખે ઊભું રાખી શક્યા; પરંતુ એમની ગ્રહદશા એમને અનુકૂળ નહોતી - એનો પરચો એમને મળી જ ગયો! કલાપીની જાણીતી ગઝલનો એક શેર છે : 'કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી!' ગડકરીને એવી જ એક 'હિમાલય જેવડી ભૂલ' કરી નાખી. એમણે વાક્‌ચાતુરી વાપરીને વિવેકાનંદની સરખામણી દાઉદ ઇબ્રાહીમ સાથે કરી દીધી. એમણે બેઉનો બુધ્ધિઆંક સરખો હોવાની વાત કરી અને મીડિયા તથા કૉંગ્રેસને ખુદ પોતાની સામે વાપરવા માટેનો તોપગોળો આપી દીધો. દિગ્વિજયસિંહે ક્ષણનો ય વિલંબ કર્યા વિના મુદ્દો પકડી લીધો. કૉંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા મનીષ તિવારી અને અન્ય નેતાઓએ પણ આ મુદ્દે ભાજપ અને સંઘ પપર પસ્તાળ પાડી છે. હવે ગડકરી માટે બચવું મુશ્કેલ છે. વિવેકાનંદે એમની વિશિષ્ટ બુધ્ધિમતાનો સકારાત્મક વિનિયોગ કરી ભારતનું નામ વિશ્વચોકમાં રમતું મૂક્યું અને એમનાં જેટલો જ બુધ્ધિઆંક ધરાવતા દાઉદ ઇબ્રાહીમે એની બુધ્ધિનો દુરૂપયોગ કરી આખી દુનિયામાં દહેશતગર્દીના શહેનશાહ તરીકે નામચીન બનવાનું પસંદ કર્યું. એવી સમજણ સાથે બોલાયેલાં એમનાં 'સ્વસ્તિ વચનો' ગડકરી માટે બુધ્ધિનું દેવાળું કાઢનારાં સાબિત થયા છે. ભાજપ એમનો બચાવ કરવાનો કોઇ અસરકારક રસ્તો શોધી શક્યો નથી. સંઘે તો શરૂથી જ આ મુદ્દે હાથ ખંખેરી નાખ્યા છે. પૂર્તિ-કાંડ વખતે જ એણે સ્પષ્ટ કરી દીધું હતું કે ભાજપના પ્રમુખના મુદ્દે શું નિર્ણય લેવો એ ભાજપનો પ્રશ્ન છે. સંઘને એની સાથે કશી લેવાદેવા નથી! સંઘનું આવું વલણ પણ ખરેખર નિંદનીય જ ગણાય. આમ તો એ ભાજપના નાના મોટા પ્રશ્નોમાં સતત વણમાગી સલાહ આપતો રહે છે, એના તમામ રાજકીય નિર્ણયો સંઘની સ્વીકૃતિની અપેક્ષાએ થતા હોય છે.

પરંતુ જયારે બદનામી વહોરવાનો વારો આવે છે ત્યારે સંઘ પોતાની જાતને અલગ કરી દે છે. જાણે પોતે ક્યાંક ચિત્રમાં જ ન હોય, એ રીતે વર્તે છે. ગડકરી જેમને ગુરૂ સ્થાને ગણતા હતા, એવા સંજય જોશીની હકાલપટ્ટીને સંઘે સહજભાવે સ્વીકારી લીધી હતી અને પોતાનું પોત પરખાવી દીધું હતું. મોદી જ જાણે સંઘ અને ભાજપ - બેઉને નચાવતા હોય એવો માહોલ સરજાયો હતો. ખુદ જેઠમલાણીએ મોદી જ આગામી ચૂંટણીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ થવા જોઇએ, એવો આલાપ છેડ્યો ત્યારે પણ સંઘના આશીર્વાદ હોય એવું લાગ્યું હતું. હવે એ જ જેઠમલાણીએ ગડકરીની વિરૂધ્ધ જેહાદ છેડી દીધી છે. એમના સુપુત્ર મહેશ જેઠમલાણીએ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાંથી રાજીનામું ધરી દઇને ભાજપ, સંઘ અને ગડકરી- ત્રણેને મુશ્કેલીમાં મુકી દીધાં છે. ગડકરીની જીભે જે લોચો માર્યો છે તે એમના પક્ષને, ગુજરાતની અને આગામી લોકસભાની ચૂંટણીમાં તકલીફ દાયક નીવડી શકે એમ છે. દિગ્વિજયસિંહે તો મોદીને અને સંઘને આ મુદ્દે પ્રતિક્રિયા આપવાનો પડકાર પણ ફેંક્યો છે. એમણે મોદીએ વિવેકાનંદ યાત્રા પછી હવે દાઉદ યાત્રા કાઢવી જોઇએ, એવો કટાક્ષ કર્યો છે. સંઘને આતંકવાદી તરીકે ઓળખાવતા રહેલા ટીકાકારોને સામે ચાલીને ભાજપના પ્રમુખે મસાલો આપી દીધો છે. પ્રશ્ન એ છે કે આવા અણીના સમયે મોદી માટે તેમજ ભાજપ માટે 'આફતનું પોટલું' બની રહેલા ગડકરીને હવે બંધારણમાં ફેરફાર કરી બીજી ટર્મ માટે પ્રમુખ બનાવવા માગતો ભગવો પક્ષ ક્યાં સુધી ઊંચકીને ફર્યા કરે છે! આગામી દિવસોમાં ભાજપ માટે ગડકરી વધુ મોટા ગૂંચવાડા ઊભા કરનારા બંગાડૂં લક્ષ્મણના અનુગામી બની રહેશે એ વિશે શંકાને સ્થાન નથી.

આગામી દિવસોમાં ભાજપ માટે ગડકરી વધુ મોટા ગૂંચવાડા ઊભા કરનારા બંગાડૂં લક્ષ્મણના અનુગામી બની રહેશે એ વિશે શંકાને સ્થાન નથી

મિસ્ટર પાલ તે દિવસે મિટીંગમાં તમારી સાથે સંક્ષિપ્ત મુલાકાત થઇ, પણ એ નાનકડી મુલાકાતમાં તમે મને મોહિત કરી દીધો, તમારી પાસે જ્ઞાનનો ભંડાર છે, ગરીબો અને ગરીબી અંગે તમારી પાસે જે જ્ઞાન હતું તેના દસ ટકા તે દિવસના વક્તાઓ પાસે નહોતું

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

'તમારો પરિચય' મેં તેમને પૂછ્યું.

'મારો વળી શું પરિચય' તે ફિલસૂફી અંદાજમાં બોલ્યા 'હું આ દેશનો એક સામાન્ય નાગરીક છું. સામાન્ય નાગરીકનાં કોઇ પરિચય હોય છે ખરો?'

'છતાં તમારૂં નામ તો જાણી શકું ને' મેં કહ્યું.

'તમે મને પાલ કહી શકો.' તે બોલ્યા. મારૂં આખું નામ હરીશપાલ છે.

'મિસ્ટર પાલ' મેં કહ્યું.

'આ જ તો મુશ્કેલી છે.' તેમણે કહ્યું. 'આ અંગ્રેજીયત આપણા સૌ પર બહું ખરાબ રીતે હાવી થઇ ગઇ છે.' 'મિસ્ટર' કહેવાની ક્યાં જરૂર છે. મને આ 'મિસ્ટર' શબ્દ ગમતો નથી.

'તમે ઉંમરમાં મારાથી ઘણા મોટા છો. ઓછામાં ઓછાં સીત્તેર તો થયાં હશે જ.' મેં કહ્યુ તમારી ઉંમરનો કોઇ તમને હરીશ અથવા પાલ કહીને સંબોધી શકે. હું એવું કઇ રીતે કહું. એટલે તમે ખોટું ન લગાડતા. હું તો તમને મિસ્ટર પાલ જ કહીશ.

મિસ્ટર પાલ કંઇ બોલ્યા નહીં.

તે ઓડિટોરિયમમાં મારી બાજુમાં બેઠા હતા. અમારી આજુબાજુ અને આગળ બે ત્રણ લાઇનોમાં કોઇ બેઠેલ નહોતું. કારણ કે ઓડિટોરિયમમાં મોટું હતું અને લોકોની હાજરી પાંખી હતી. આજુબાજુ કોઇ બીજા લોકો ન હોવાથી અમે વાતચીત કરીએ તો કોઇને ખલેલ પડે તેમ ન હતી.

સેમિનારો કે સભાઓમાં જયારે ભાષણોથી કંટાળો આવવા લાગે ત્યારે આજુબાજુ બેઠેલા લોકો ટિપ્પણી કરતાં અરસપરસ વાતો કરવા લાગી જાય છે. આ સભામાં પણ એવું જ થવા લાગ્યું હતું. 'દેશમાં ગરીબીની સમસ્યા' એ વિષય પર સભા યોજવામાં આવી. હતી. કદાચ આયોજકોને સરકારી વિભાગની ગ્રાન્ટ મળી હશે. તેથી આ સભાનું આયોજન કરાયું હતું. મારી પાસે નિમંત્રણ પત્રિકા આવી હતી. તેમાં લખ્યું હતું કે 'તમારી ઉપસ્થિતિની અપેક્ષા છે.' આ એક સામાન્ય વાત હતી. બધી જ નિમંત્રણ પત્રિકાઓમાં અલગ અલગ રીતે આ વાત લખેલી હોય જ છે. સભાના આયોજકોનો મને પરિચય નહોતો. પરંતુ ક્યાંકથી તેમને મારૂં સરનામું મળી ગયું હશે જેથી તેમણે મને નિમંત્રણ પત્રિકા મોકલી હતી. આમ તો વિષય ચવાઇ ગયેલો હતો છતાં મને જરા રસ પડ્યો એટલે હું ત્યાં પહોંચી ગયો.

થોડીવારમાં વક્તાઓ મંચ પર આવી ગયા. વધુ શ્રોતાઓ આવે તે આશાએ આયોજકોએ થોડીવાર રાહ જોઇ. સંયોજક પોતાની આગવી શૈલીમાં શ્રોતાઓને ખુશ કરતો હતો. તેણે મોકો જોઇ ગરીબી પર બે-ત્રણ કવિતાઓ પણ સંભળાવી દીધી. તે પછી ભાષણો શરૂ થયાં. ભાષણમાં કોઇ વક્તા કંઇક ગમી જાય તેવી વાત કરતાં અથવા મૂર્ખતાપૂર્ણ દલીલને પણ અનોખા અંદાજમાં રજૂ કરતા ત્યારે શ્રોતાઓ તાળીઓ પાડવા લાગતા. બે - ત્રણ વખત મેં પણ તાળીઓ પાડી. પણ મારી બાજુમાં બેઠેલા પાલ તાળી પાડતા ન હતા. 'એ મિસ્ટર પાલ' છે એ તો મેં પાછળથી જાણ્યું પહેલાં તો એ મારી બાજુમાં બેઠેલા ઝભ્ભો લેંઘો પહેરેલ એક અપરિચિત વ્યક્તિ હતા. હું એ વાત કહેતા ભુલી ગયો કે મારી સાથે થોડી વાતો થયા પછી, મને તેનો પરિચય થયો.

મિસ્ટર પાલ સહજ લાગતા ન હતા. જ્યારે તાળીઓ પડતી ત્યારે એ અસહજ થઇ જતા. આ વાત હું એટલા માટે કહું છું કે વચ્ચે વચ્ચે એ કંઇક ગણગણતા. મને એમ થતું કે એ મને કંઇ પુછી રહ્યાં છે. છેવટે સંકોચ છતાં મેં તેમની સામે જોઇને પૂછી જ નાંખ્યું, 'તમે મને કંઇ કહ્યું?'

'ના' તેમણે કહ્યું,

હું ચુપ થઇ ગયો અને વક્તાઓને ધ્યાનથી સાંભળવા લાગ્યો. તેમાં અમુક યુનિવર્સિટીના પ્રોફેસરો હતા. તો અમુક સરકારી અધિકારી હતા. અધ્યાપકોએ મોટા ભાગે પુસ્તકીયા વાતો કરી જયારે અધિકારીઓએ યોજનાઓના દાખલા આપીને એ સાબિત કરવાની કોશિષ કરી કે સરકાર દેશમાંથી ગરીબી નાબુદી માટે પ્રયત્નો કરવામાં કોઇ રાખી નથી. તે માટે તેઓ વચ્ચે વચ્ચે આંકડાઓ આપીને જણાવતા હતા કે ગ્રામ વિકાસ, ખેતીની સુધારણા, કુટિર અને લઘુઉદ્યોગોને પ્રોત્સાહિત કરવામાં સરકારે કેટલા કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો છે અને હાલમાં કરી રહી છે.

મિસ્ટર પાલ આ આંકડાઓની માયાજાળથી અકળાતાં ફરી બબડવા લાગ્યા. તે પોતાની ખુરશીમાં સહેજ આઘા પાછા થયા. મેં તેમની તરફ ઉત્સુકતાથી જોયાં પૂછ્યું. 'તમે મને કંઇ કહેવા માંગો છો?'

'હા, આ વખતે તે જરા ઉત્તેજના ભર્યા સ્વરે બોલ્યા.' 'જુઓને ગરીબી હટાવવાની કેવી કેવી વાહિયાત વાતો આ લોકો કરી રહ્યા છે. પણ ખરેખર કોઇને એ વાતની ચિંતા નથી કે આજે પણ દેશમાં છત્રીસ ટકાથી વધુ લોકો ગરીબી રેખાથી નીચે જીવી રહ્યા છે. સો કરોડની વસ્તીમાં છત્રીસ કરોડ લોકો ગરીબી રેખાથી નીચે છે. જયારે આઝાદી સમયે ૧૯૪૭માં દેશની કુલ વસ્તી તેનાં કરતાં ઓછી હતી. ગરીબોનાં ઉધ્ધારની કોઇને કંઇ ફીકર જ નથી.'

મને એ વાતની જાણ ન હતી. વળી કોઇ વક્તાએ પણ એવું કહ્યું નહોતું કે દેશમાં છત્રીસ ટકાથી વધુ લોકો ગરીબી રેખાથી નીચે જીવે છે.

તેમણે ફરી કહ્યું. 'આ સરકારી આંકડા છે. એનો મતલબ એ કે આટલી સંખ્યા તે સરકાર સ્વયં સ્વીકારે છે. પણ ખરેખર તો તેનાથી પણ ઘણા વધુ લોકો ગરીબીરેખા નીચે હશે.'

'તમારી વાત સાચી છે.' તારા મુખેથી સહજ નીકળી ગયું.

હું તેમનાથી પ્રભાવિત થયો, કદાચ એ મને પ્રભાવિત કરવા માંગતા હતા. તેમણે મને ગરીબી બાબતે બીજી પણ ઘણી વાતો કરી. જેનો કોઇ વક્તાએ ઉલ્લેખ કર્યો ન હતો. જેમ કે, દેશમાં કેટલા લોકો બેરોજગાર છે. આઝાદી પછી કેટલા નાના ખેડૂતો ખેતી વિહોણા થઇ ગયા. કેટલી સ્ત્રીઓ અને બાળકો કુપોષણના શિકાર છે. સમાજવાદી સમાજરચના કરવામાં ક્યાં ભૂલ થઇ છે. મને એમ થયું કે તેમને મંચ ઉપર મુકવા જોઇતા હતા. કારણ કે મંચસ્થ વક્તાઓ કરતાં તેમની પાસે ઘણી માહિતી હતી.

સભા પુરી થઇ એટલે એ થાક્યા પાક્યા ઉઠ્યા.

સભા પુરી થતાં ચ્હા નાસ્તાની વ્યવસ્થા હતી. હું તેમની સાથે ઊભો ઊભો ચ્હા પીતો રહ્યો અને તેમની પાસેથી ભારતની ગરીબી અંગે નવી નવી વાતો જાણતો રહ્યો. ચ્હા પી લીધા પછી તેમણે કહ્યું, 'ક્યારેક સમય કાઢીને અમારે ઘેર આવો.'

'જરૂર આવીશ' મેં કહ્યું અને ચાલતાં ચાલતાં તેમની પાસેથી સરનામું લીધું. સાથે મેં મારો પરિચય તેમને આપતાં કહ્યું.'મારૂં નામ સુરેશ છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૭મી નવેમ્બર

- પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રો સિક્કાઓ ઉપરની લિપિ ઉકેલવામાં જીવન ખર્ચી નાંખનારા પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનો જન્મ ૧૮૩૯.

રોયલ એશિયાટીક સોસાયટીનાં માનદ સભ્ય, ગુજરાતનો ઇતિહાસ તૈયાર કર્યો.

- ૧૯૧૮ - બાવરિયા પ્રજાસત્તાક રાજ્ય બન્યું.

- ૧૮૬૭ - મેડમ ક્યુરી - મેરી સ્કલોડાઇસ્કનો જન્મ.
- ૧૮૯૦ - લેખક, કવિ, સામાજિક કાર્યકર, રાજકીય નેતા - કલ્યાણજીભાઇ મહેતાનો જન્મ - સૂરત ખાતે જન્મ.



- ૧૯૧૦ - મહાન ફિલોસોફર ટોલ્સટોયનું અવસાન.

JEE પરીક્ષા... એન્જિનીયરીંગનું સિમ સિમ ખુલ જા !!

અનેક એન્ટ્રન્સ પરીક્ષામાંથી છૂટકારો અપાવતી એક માત્ર એન્જિનીયરીંગ પરીક્ષાના ગેટપાસની ઉપયોગી માહિતી

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

JEE ફાયદાકારક કે નુકશાનકારક? આ એક જ પરીક્ષા નક્કી કરશે એન્જિનીયરીંગનાં ભવિષ્યનું સ્વપ્ન? ગુજરાતી વિદ્યાર્થીઓ આ નવી પરીક્ષામાં ટકી શકશે? ખાનગી ક્લાસ લગાડીને આ અભ્યાસની તૈયારી થઇ જશે? બારમાં ધોરણનાં માર્ક્સનું શું? આવાં અનેક પ્રશ્નો અત્યારે ધો. ૧૧-૧૨ માં ભણતાં વિદ્યાર્થીઓ અને એમનાં જાગૃત વાલીઓને સતાવી રહ્યા છે. પાંચ મહિના પછી પહેલી JEE ની પરીક્ષાની તારીખ જાહેર થઇ ગઇ છે, ત્યારે આ વિશે થોડીક સમજ આપવાનો પ્રયત્ન જેથી ખોટાં ભ્રમમાં ના રહેવાય...

એન્જિનીયરીંગ એડમિશન માટે એક જ પરીક્ષા લેવાશે એવો નિર્ણય જાહેર થતાં વિદ્યાર્થી અને વાલીઓને એક જ પ્રશ્ન સતાવે છે કે હવે આપણું શું થશે?? ખરેખર તો આ નિર્ણય વિદ્યાર્થીઓના લાભામાં જ છે, JEE (જોઇન્ટ એન્ટ્રન્સ એકઝામ) થઇ જવાથી ઘણી બધી પરીક્ષાની તૈયારીઓ ઉપાધિમાંથી બચી જવાશે!!

અત્યાર સુધી અલગ અલગ એન્જિનીયરીંગ કૉલેજમાં પ્રવેશ લેવાં અલગ અલગ પરીક્ષાઓ થતી. સરકારી કૉલેજ માટે અલગ પરિક્ષા આઇ.આઇ.ટી.ની અલગ, ખાનગી કૉલેજો પાછી એમની અલગ પરીક્ષા લે... એક કરિયર ઓરીએન્ટેડ ટેલેટેન્ટેડ વિદ્યાર્થીને ઓછામાં ઓછી ૭-૮ પરીક્ષા આપવી પડતી. કોઇ પણ હોનહાર વિદ્યાર્થી માટે આટલી પરીક્ષાઓ એટલે એક ચેલેન્જ હતી. અનેક પરીક્ષાઓ માટે અલગ અલગ કલાસીસ અને લાખો રૂપિયાની ફી, આ કલાસમાં જઇએ કે પેલાં? એવાં વિચારમાં જ વિદ્યાર્થીઓ અરધાં થઇ જતાં અને વાલીઓ ખર્ચાઓ અતિરેક અને પાલ્યની સફળતાની લટકતી ખાત્રી જેવી દ્વિધા અનુભવતાં રહેતા!!

માનવ વિકાસ સંશાધન મંત્રી કપિલ સિબ્બલે લીધેલાં હિંમતભર્યા ક્રાંતિકારી પગલાંથી એક મહત્ત્વનો નિર્ણય લેવાયો કે હવે એન્જીનીયરીંગ માટે દેશવ્યાપી એક જ સંયુક્ત પ્રવેશ પરીક્ષા લેવાશે અને વિશેષ મહત્ત્વની વાત એટલે ગુજરાત, મહારાષ્ટ્ર અને હરિયાણાએ આ નવાં શૈક્ષણિક મોડ્યુલને ચાલું શૈક્ષણિક સત્રથી જ સ્વીકાર્યું એટલે ૨૦૧૩ની પહેલી પરીક્ષામાં આ ત્રણ રાજયોના વિદ્યાર્થીઓ બેસશે. (ભારતની શ્રેષ્ઠ એન્જીનીયરીંગ કૉલેજમાં એન્ટ્રી મારવા આ વર્ષનાં વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ તક પ્રાપ્ત થશે.)

આ સંયુક્ત પરીક્ષા માટે પહેલાં અનેક રાજયો અને આઇ.આઇ.ટી.નો વિરોધ હતો. આ પરીક્ષાને અધિક મહત્ત્વ અપાતાં ૧૨ ધોરણમાં ટકા ગણાશે નહીં એટલે ૧૧-૧૨ નાં વિદ્યાર્થીઓ શાળામાં જશે જ નહીં એવો પણ ડર હતો. અને વાત પણ સાચી જ હતી અને પ્રવેશ પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે ૧૨ નું કંઇ મહત્ત્વ જ નહોતું. ખાલી પાસીંગ માર્કે નીકળી જઇશું તોય ચાલશે એવી માનસિકતા. અલગ અલગ પરિક્ષામાં કલાસીસ, પેટર્ન પ્રમાણે પ્રાઇવેટ કોચિંગ કલાસીસમાંથી તૈયાર થઇ આવાં વિદ્યાર્થીઓ મેદાન મારતાં કે જેમનું ૧૨ માં નામનિશાન પણ નહોતું!!

ધોરણ.૧૧-૧૨ નું મહત્ત્વ ઘટતાં કે સ્કૂલ-કૉલેજનાં વિદ્યાર્થીઓ પર આની અવળી અસર પડશે એવું ધ્યાને આવતાં JEE નાં માર્કસ સાથે બારમાંના ટકાનેય મહત્ત્વ આપવાનું નક્કી થયું અને ૧૨ અને JEE નાં ૫૦ - ૫૦ % નું વિભાજન થતાં વાલીઓ અને વિદ્યાર્થીઓનાં જીવમાં જીવ આવ્યો... એટલે હવે શાળાનું મહત્ત્વ અને JEE નું મહત્ત્વ સરખું થયું છે. ૧૧-૧૨ નો અભ્યાસ વ્યવસ્થિત કર્યો હશે તો ફર્સ્ટ કલાસ મેળવવામાં વાંધો નહીં આવે એવું નિષ્ણાંતોનું માનવું છે!!